# સારાંશ

# ટોરેન્ટ પાવર લીમીટેડ – અમદાવાદ/ ગાંધીનગર સપ્લાય એરિયા

## કેસ નંબર- ૧૯૨૬/૨૦૨૧

### પૂર્વભૂમિકા

૧.૧ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ ટીપીએલ-ડી આ અરજી માનનીય કમીશન સમક્ષ નીચેની વિગતોની મંજુરી મેળવવા કરેલ છે.

1. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે એઆરઆરનું ટ્રુ-અપ અને નિયંત્રીત /અનિયંત્રીત પરિબળોને લીધે થયેલ નફા/નુકશાનની વહેંચણી
2. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆરનું નિર્ધારણ
3. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાદ્ય/પુરાંતનું નિર્ધારણ
4. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે વિજદરનું નિર્ધારણ

### નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટ્રુ–અપ

૧.૨ માનનીય કમિશને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ટીપીએલ-ડી ના સુધારેલા એઆરઆરની મંજુરી ૨૪ એપ્રિલ ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) દ્વારા આપી છે. જે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટેના અનુમાનો પર આધારિત હતા. એઆરઆરની મંજુરી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની વાસ્તવિક વિગતો પર થનાર ટ્રુ-અપ પર આધારિત છે.

૧.૩ ટીપીએલ-ડીએ જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ મુજબ માનનીય કમિશનના ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના એમટીઆર ઓર્ડરના (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) આધારે ટ્રુ અપ માટેની અરજી કરેલ છે.

૧.૪ ટીપીએલ-ડીએ એઆરઆરના ટ્રુ-અપ માટે નીચેના માપદંડ ધ્યાનમાં લીધા છે:

a) વીજળીની ખરીદીના મિશ્રણ, જથ્થા અને કિંમતમાં થતા ફેરફારના કારણે વીજળીની ખરીદ ખર્ચમા થતો બદલાવ
b) ફીક્સડ ખર્ચો, જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, ઘસારો, વ્યાજ ખર્ચ, ઇકવીટી પર મળવાપાત્ર નફો , ઘાલખાધ, આવકવેરો અને નોન-ટેરીફ આવકમાં થતા બદલાવ
c) નિયંત્રિત અને અનિયંત્રિત પરિબળોને ગણતરીમાં રાખીને નફા /નુકશાનની વહેંચણી

૧.૫ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વીજળીની જુરીયાત, વાસ્તવિક વેચાણ અને વાસ્તવિક વીજ વિતરણ લોસ પર આધારિત છે. અમદાવાદ પુરવઠા વિસ્તારનુ વેચાણ ૭૮૨૨.૦૮ એમયુ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે વાસ્તવિક વીજ વિતરણ લોસ ૪.૯૮ ટકા થયેલ છે.

૧.૬ ટ્રુડ-અપ એઆરઆરની ગણતરી વાસ્તવિક ખર્ચાઓ અને ૨૪ એપ્રિલ ૨૦૧૯ ના

એમટીઆર ઓર્ડર (કેસ નંબર ૧૭૬૪/૨૦૧૮) મુજબ મંજુર કરેલ ખર્ચાને ધ્યાને લઇ કરવામાં આવી છે. કિંમત, જથ્થા અને મિશ્રણમાં થતા બદલાવને કારણે વીજળીની ખરીદ કિંમતમાં થતો ફેરફાર અનિયંત્રિત છે અને તે મુજબ, તે એઆરઆરમા લેવામાં આવેલ છે. પરંતુ, કાર્યક્ષમતાના માપદંડમાં થતા ફેરફારના કારણે ખર્ચાઓમાં થતો ફેરફાર નિયંત્રિત છે અને તેને લીધે થતા નફાને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ માં ઉલ્લેખવામાં આવેલ નફા/નુકસાનની વહેંચણી પધ્ધતિના આધારે, એઆરઆરમાં ગણતરીમાં લેવામા આવેલ છે. અમદાવાદના સપ્લાય વિસ્તારનો વીજ વિતરણ લોસ મંજુર થયેલા વિતરણ લોસની સરખામણીમાં ઘટેલ છે. આવા લોસમા થયેલા ઘટાડાને કારણે થયેલ ફાયદાની વહેંચણી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ)રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવેલ છે.

૧.૭ અમદાવાદ સપ્લાય વિસ્તારના ફીક્સ્ડ ખર્ચઓ જેમ કે ઓ એન્ડ એમ ખર્ચ, વ્યાજ ખર્ચ , ઘસારો, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર, ઘાલખાધ, આવકવેરો અને નોન ટેરીફ આવકને દરેકનાં નિયંત્રીત/ અનિયંત્રીત પરિબળોના વર્ગીકરણનાં આધારે ટ્રુ-અપ કરવામાં આવેલ છે. એ પ્રમાણે નફા/નુકશાનની વહેંચણી કરી, એઆરઆરનું ટ્રુ-અપ કરવામાં આવેલ છે. આ રીતે ટ્રુઇંગ અપ કરેલ એઆરઆરને નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૧: નાંણાકિય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારનું ટ્રુ અપ કરેલ એઆરઆર**

| રુ.કરોડમાં | | |
|---|---|---|
| એમટીઆર આર્ડર મુજબ એઆરઆર | (એ) | ૫૧૭૬.૯૪ |
| અનિયંત્રીત પરિબળોને કારણે નફો/(નુકશાન) | (બી) | (૫૧૦.૬૫) |
| નિયંત્રીત પરિબળોને કારણે નફો/(નુકશાન) | (સી) | ૭૯.૯૨ |
| ટેરીફ તરીકે પાસ-થ્રુ | ડી=-(બી+૧/3 સી) | ૪૮૪.૦૧ |
| ટ્રુ-અપ એઆરઆર | ઇ= એ+ડી | ૫૬૬૦.૯૬ |

૧.૮ ટીપીએલ-ડી જણાવવા માંગે છે કે જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત)ની વસૂલાત માનનીય કમિશનના ૨૪ એપ્રિલ, ૨૦૧૯ ના ઓર્ડર અને ૫ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના ઓર્ડર (માનનીય ટ્રીબ્યુનલના ૯ જૂન, ૨૦૨૦ ના ચુકાદા સાથે ) મુજબ રુ ૩૭૪.૨૭ કરોડ ધ્યાને લીધેલ છે. અરજદારે રજુ કરેલ છે કે માનનીય કમિશન દ્વારા પાછલા વર્ષોની નામંજુર કરેલ કેરીંગ કોષ્ટને માનનીય ટ્રિબ્યુનલના ચુકાદા પ્રમાણે સંપૂર્ણ પણે વસૂલવાની મંજુરી આપવી જોઇએ. તે મુજબ, અરજદારે કેરીંગ કોષ્ટને ધ્યાને લીધેલ છે.

૧.૯ નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારની ખાધ/(પુરાંત)ની સંક્ષિપ્તમાં માહિતી નીચે દર્શાવેલ કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૨: નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે અમદાવાદ સપ્લાય વિસ્તારના આવકની**

ખાધ/(પુરાંત)

| રૂ.કરોડમાં | વાસ્તવિક |
|---|---|
| ટ્રુ-અપ એઆરઆર | ૫૬૬૦.૯૬ |
| | |
| વિજળીના વેચાણથી થતી આવક | ૫૭૨૯.૭૫ |
| બાદઃ જીઇઆરસી દ્વારા મંજુર કરેલ અગાઉના વર્ષોની ખાધ/(પુરાંત) | ૩૭૪.૨૭ |
| **બાકીની આવક** | **૫૩૫૫.૪૮** |
| | |
| **ખાધ/(પુરાંત)** | **૩૦૫.૪૮** |

૧.૧૦ ટીપીએલે માનનીય કમિશનને ઉપરની ગણતરી મુજબ એઆરઆરની અને આવકની ખાધ/(પુરાંત) મંજુર કરવા માટે અરજ કરેલ છે.

**નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર**

૧.૧૧ માનનીય કમિશને ૨૨ ડિસેમ્બર, ૨૦૨૦ના ઓર્ડર દ્વારા યુટીલીટીને જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ના સિદ્ધાંતો અને પદ્ધતિના આધારે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી કરવા નિર્દેશ કરેલ છે. તે મુજબ અરજદારે જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ની જોગવાઇઓ અનુસાર અમદાવાદ/ગાંદીનગર સપ્લાય વિસ્તાર માટે નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના એઆરઆર અને વીજ દર નિર્ધારણ માટેની અરજી દાખલ કરેલ છે.

૧.૧૨ અંદાજીત એઆરઆરના અનુમાનો નીચે મુજબ છેઃ

એ) પાછલા દાયકાની સરખામણીમાં મંદ પડેલા વૃદ્ધિદરને ધ્યાને લઇ વીજ વેચાણ અંદાજવામાં આવેલ છે. ઔદ્યોગિક એકમોનું વ્યવસાયિક એકમમાં રૂપાંતર અને પર્યાવરણના નીયમો તથા સંબંધિત ખર્ચને અનુલક્ષીને ઔદ્યોગીક એકમોના સ્થળાંતરની વીજ વેચાણ પર અસર થયેલ છે. વધુમાં, રુફટોપ સોલર તેમજ પ્રવર્તમાન કોવીડ-૧૯ની પરીસ્થિતી ની નકારાત્મક અસરને પણ ધ્યાને લીધેલ છે. તે મુજબં, ટીપીએલએ વીજ વેચાણના અંદાજો રજુ કરેલ છે

બી) અમદાવાદ સપ્લાય એરિયા માટે વીજ વિતરણ લોસ અને ઓ એન્ડ એમ ખર્ચ ને નિયંત્રણ સમયગાળા માટેની લંબાવેલ ટ્રેજેક્ટરી અનુસાર અંદાજવામાં આવેલ છે.

સી) વીજ જરુરીઆત ટીપીએલ-જી(એપીપી), સુજેન, ઉનોસુજેન, પુનઃપ્રાપ્ય (રીન્યુએબલ) ઉર્જા સ્ત્રોતો, દ્વિપક્ષીય કરાર અને પાવર એક્ષચેન્જ દ્વારા પૂરી કરવા દરખાસ્ત કરેલ છે.

ડી) રીન્યુએબલ પરચેઝ ઓબ્લીગેશન (આરપીઓ) કરાર આધારીત રીન્યુએબલ સ્ત્રોતોમાંથી વીજ ખરીદી કરીને પાર કરવાનું પ્રસ્તાવિત કરેલ છે.

ઇ) અમદાવાદ સપ્લાય એરિયા માટે ઇએચવી યોજનાઓમાં રૂ.૯૯૭.૬૫ કરોડ, એચટી નેટવર્ક યોજનાઓમાં રૂ.૨૨૧.૧૭ કરોડ, એલટી નેટવર્ક યોજનાઓમાં

રૂ.૧૬૪.૬૩ કરોડ અને મીટરિંગ, વીજ પુરવઠા કેન્દ્રો, આઇટી, સલામતી, વગેરે પેટે રૂ.૨૦૧.૮૯ કરોડ ના મૂડી ખર્ચ રજુ કરેલ છે.

એફ) ઘસારો , વ્યાજ ખર્ચ, કાર્યકારી મૂડી પરનો વ્યાજ ખર્ચ, ઇક્વિટી પર મળવાપાત્ર વળતર વગેરેની ગણતરી જીઇઆરસી (મલ્ટીયર ટેરીફ) રેગ્યુલેશન્સ, ૨૦૧૬ અનુસાર કરવામાં આવી છે.

૧.૧૩ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ સપ્લાય એરિયા માટે નિર્ધારિત એઆરઆર નીચેના કોષ્ટકમાં આપેલ છે.

**કોષ્ટક ૩: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ સપ્લાય એરિયાની એઆરઆર**

| રુ.કરોડમાં | નાંણાકિય વર્ષ ૨૦૨૧-૨૨ |
|---|---|
| પાવર પરચેઝ | ૪૦૨૧.૮૭ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૩૬૨.૫૯ |
| ઘસારા | ૨૯૧.૧૫ |
| વ્યાજ ખર્ચ | ૧૭૭.૬૧ |
| કાર્યકારી મૂડી પર વ્યાજ | - |
| એસડી પર વ્યાજ | ૪૧.૫૦ |
| ઘાલખાધ | ૪.૨૪ |
| આકસ્મિક અનામત | ૦.૬૦ |
| ઇક્વિટી પર મળવાપાત્ર વળતર | ૩૨૨.૦૯ |
| આવક વેરો | ૮૦.૬૪ |
| ઓછું: બિન-ટેરિફ આવક | ૩૮.૬૧ |
| એઆરઆર | **૫૨૬૩.૬૮** |

**નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેની ખાધ /(પુરાંત)નું વિશ્લેષણ ઃ**

૧.૧૪ બેઝ એફપીપીપીએ સાથેના વીજવેચાણથી થતી આવક અને ઓપન એક્સેસ ગ્રાહકોથી થતી આવકને ધ્યાને લઇ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત) તારવવામાં આવેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ની ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૪: નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની ખાધ**

| રુ.કરોડમાં | |
|---|---|
| એઆરઆર | ૫૨૬૩.૬૮ |
| બાદ ઃ | |
| પ્રવર્તમાન વીજદર સાથેના રુ.૧.૮૨ પ્રતિ યુનીટ ના બેઝ એફપીપીપીએથી થતી આવક સહીત | ૫૩૧૧.૭૯ |

| રુ. કરોડમાં | |
|---|---|
| વીજળીના વેચાણથી થતી આવક | |
| ઓપન એક્સેસ ચાર્જથી થતી આવક | ૨૩.૮૦ |
| | |
| **નેટ ખાધ/(પુરાંત)** | **(૭૧.૯૧)** |

ટીપીએલે માનનીય કમિશનને ઉપર દર્શાવેલ ખાધ/(પુરાંત)ને મંજુર કરવા રજુઆત કરેલ છે.

૧.૧૫ ટીપીએલએ તેના અમદાવાદ/ ગાંધીનગર અને સુરત સપ્લાય વિસ્તાર માટે જીઇઆરસી (ડિમાન્ડ સાઇડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, ૨૦૧૨ અનુસાર બનાવીને ડીએસએમ પ્લાનને માનનીય કમીશન સમક્ષ રજુ કરેલ છે. માનનીય કમીશને અમદાવાદ સપ્લાય વિસ્તાર માટે રુ.૪.૪૫ કરોડ મંજુર કરેલ છે. આ બાબતે, ટીપીએલ-ડીએ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન ડીઇએલપી પ્રોગ્રામ અંતર્ગત રુ ૦.૫૨ કરોડનો ખર્ચ કરેલ છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ થી શરુ થતા સમયગાળા માટેની ડીએસએમ યોજના માટે અરજદાર માનનીય કમિશન સમક્ષ અલગથી રજુઆત કરશે.

૧.૧૬ ટીપીએલએ માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ ગણેલ છે. તે મુજબ, ટીપીએલ-ડીએ માનનીય કમિશનને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) ઉપરાંત માનનીય કમિશનને મંજુર કરેલ/ નિર્દિષ્ટ કરેલ પદ્ધતિ મુજબ કેરીંગ કોષ્ટ સહીત ઉપરોક્ત બાકી રહેતા નાણા ધ્યાને લેવા દરખાસ્ત કરેલ છે.

૧.૧૭ ઉપર મુજબ આમ કુલ ખાધ/(પુરાંત) રુ.૨૯૦.૮૬ કરોડ થાય છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના દર નિર્ધારણ કરવા આવકનો ખાધ/(પુરાંત)નો સારાંશ નીચે કોષ્ટકમાં દર્શાવેલ છે.

**કોષ્ટક ૫: નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના દર નિર્ધારણ માટે અમદાવાદ પૂરવઠા વિસ્તારના આવકની સંચિત ખાધ/(પુરાંત)**

| રુ. કરોડમાં | |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ખાધ/(પુરાંત) | ૩૦૫.૪૮ |
| વ્યાજ ખર્ચ (કેરીંગ કોષ્ટ) | ૫૬.૭૮ |
| ડીએસએમ | ૦.૫૨ |
| | |
| નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની ખાધ/(પુરાંત) | (૭૧.૯૧) |
| | |
| **વીજદર મારફતે વસુલવા યોગ્ય સંચિત ખાધ/(પુરાંત)** | **૨૯૦.૮૬** |

૧.૧૮ અરજદારે રજુ કરેલ છે કે રુ.૨૯૦.૮૬ કરોડની સંચિત ખાધ મુખ્યત્વે પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતના કારણે છે. તેથી, ટીપીએલ-ડી, વીજ દરમાં વધારો સૂચવેલ નથી અને આ સંચિત ખાધની વસૂલાત બે વર્ષના મર્યાદિત સમયગાળા માં રૂા. ૦.૧૯ પ્રતિ યુનીટના રેગ્યુલેટરી ચાર્જ દ્વારા વિલંબીત વસૂલાતને કારણે જરુરી ખર્ચને ધ્યાને લઇને કરવાનો પ્રસ્તાવ કરેલ છે.

૧.૧૯ અત્રે નોંધનીય છે કે ટીપીએલ-ડીના વિજદર છેલ્લે નાંણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં વધારવામાં આવેલા હતા. ત્યારથી, ફુગાવાનું દબાણ હોવા છતાં, ટીપીએલ તેનો ખર્ચ ઓપરેશનલ કાર્યક્ષમતા મારફતે પ્રબંધ કરી રહ્યું છે. નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે પણ ટીપીએલ-ડીએ, વીજ દરમાં કાયમી વધારો સૂચવેલ નથી અને પાછલા વર્ષોની બાકી રહેલ સંચિત ખાધની વસૂલાત રેગ્યુલેટરી ચાર્જ દ્વારા કરવાનો પ્રસ્તાવ કરે છે. રેગ્યુલેટરી ચાર્જની મંજૂરી પાછલા વર્ષોની બાકી રહેલ વસૂલાતનો બોજો દૂર કરવા અને ટીપીએલને પાવરની ગુણવત્તા, વિશ્ર્વસનીયત્તા અને ગ્રાહકસેવાના ઉચ્ચ સ્તરો જાળવવી રાખવા તેમજ તેમાં વધુ સુધારો કરવા અનિર્વાય છે.

૧.૨૦ વધુમાં, માનનીય કમીશન/ માનનીય ટ્રિબ્યુનલ સમક્ષની બાકી રહેલ કાર્યવાહી સંબંધિત ખાધ/ કેરીંગ કોસ્ટને રૂા. ૨.૨૧ પ્રતિ યુનીટના નિયંત્રિત એફપીપીપીએ અંતર્ગત વસૂલવા માટે પ્રસ્તાવિત કરેલ છે.

દાદ ઃ

૧.૨૧ ટીપીએલએ હાલની અરજી નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ-અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર નિર્ધારણ અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે અમદાવાદ/ગાંધીનગર સપ્લાય વિસ્તાર માટેના વીજ દર નિર્ધારણ માટે દાખલ કરેલ છે.

૧.૨૨ હકીકતો અને સંજોગોના આધારે, ટીપીએલએ માનનીય કમિશનને નીચે મુજબ અરજી કરેલ છે:

એ) નાંણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઇંગ અપ, નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એઆરઆર અને નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૧ ના વીજ દર નક્કી કરવા માટેની પીટીશનની સ્વીકૃતી.

બી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટ્રુઙ-અપ ખાધ/(પુરાંત) નિયમના ફેરફારના લીધે અસર સાથે મંજુરી.

સી) નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ ના ટીપીએલ-ડી(એ) દ્વારા પ્રસ્તાવિત નફા/નુકશાનની વહેંચણીની મંજુરી.

ડી) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના એઆરઆરની મંજુરી.

ઇ) સંચિત ખાધ/(પુરાંત)ની મંજુરી.

એફ) વ્હીલીંગ એઆરઆર અને એને અનુરૂપ વીજ વહન માટેના દરની તા. ૧ લી એપ્રિલ, ૨૦૨૧ થી અમલ થવાની મંજુરી

જી) નાંણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ ના દરખાસ્ત મુજબ રીટેલ ટેરીફ દ્વારા અથવા રેગ્યુલેટરી ચાર્જની વસુલાતની મંજુરી

એચ) અરજદાર દ્વારા માનનીય ટ્રીબ્યુનલ/માનનીય કમિશનમાં કરેલી અરજી/સમીક્ષાઓના નિર્ણયો અનુસાર ખર્ચા ઓની વસુલાત માટેની મંજુરી.

આઈ) ભવિષ્યમાં અરજીમાં ઉમેરો/સુધારા/ફેરફાર/બદલાવો માટેની પરવાનગી.

જે) અરજી કરનારને કાર્યવાહી દરમ્યાન અસરકારક પ્રસ્તુતી માટે સમયાનુસાર જુરી દલીલો અને દસ્તાવેજો ફાઇલ કરવા માટેની પરવાનગી.

કે) માનનીય કમીશનને યોગ્ય લાગતી અન્ય રાહત, આદેશ અથવા નિર્દેશોની વિનંતિ

એલ) કોઇપણ અજાણતા થયેલી ગફલત/ભૂલ/તફાવત/ખામીઓ ની માફી

*(નોંધ:ગુજરાતી અનુવાદ મુળ અંગ્રેજી નકલ પર આધારિત છે. અર્થઘટન માટે અંગ્રેજી નકલ પ્રમાણિત ગણાશે.)*